# ચૌદ સ્વપ્નનું રહસ્ય.

અર્થાત્

## તીર્થંકર ભગવાનની માતાજીને જે ચૌદ સ્વપ્ન આવે છે, તેનું રહસ્ય.

ચૌદ સ્વપ્નનો સુંદર સાર, વિસ્તાર્યો ધરી અતિ પ્યાર;
ભવિક જીવ અવધારો સહુ, આત્મા નિર્મળ થાશે બહુ.

પ્રકાશક,

**શ્રાવક ભીમસિંહ માણેક,**

જૈન પુસ્તકો પ્રસિદ્ધ કરનાર અને વેચનાર

શાકગલ્લી–માંડવી, મુંબઈ.

---

મુંબઈમાં નિર્ણયસાગર છાપખાનામાં છાપ્યું.

સને ૧૯૧૫–વીર સંવત્ ૨૪૪૨.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# ચૌદ સ્વપ્નનું રહસ્ય.

અર્થાત્

## તીર્થંકર ભગવાનની માતાજીને જે ચૌદ સ્વપ્ન આવે છે, તેનું રહસ્ય.

ચૌદ સ્વપ્નનો સુંદર સાર, વિસ્તાર્યોં ધરી અતિ પ્યાર;
ભવિક જીવ અવધારો સહુ, આત્મા નિર્મળ થાશે બહુ.

પ્રકાશક,

**શ્રાવક ભીમસિંહ માણેક,**

જૈન પુસ્તકો પ્રસિદ્ધ કરનાર અને વેચનાર

શાકગલ્લી—માંડવી, મુંબઈ.

---

મુંબઈમાં નિર્ણયસાગર છાપખાનામાં છાપ્યું.

સને ૧૯૧૫—વીર સંવત્ ૨૪૪૨.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

Printed by Ramchandra Yesu Shedge, at the Nirnaya sagar Press, 23, Kolbhat Lane, Bombay.

---

Published by Bhanji Maya for Bhimsi Maneck, 225-231, Sackgalli, Mandvi, Bombay.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# चौद स्वप्ननुं चित्र.



प्रकाशकः—**श्रावक भीमसिंह माणेक,**

**जैन ग्रंथो प्रसिद्ध करनार,**

**मांडवी, शाकगल्ली, मुंबई.**

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

लक्ष्मी आर्ट, भायखळा, मुंबई.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# ચૌદ સ્વપ્ન–રહસ્ય.

## ( આમુખ )

સારાં યા ખોટાં સ્વપ્નાં એ ભાવીનાં સુંદર અથવા અસુંદર પરિણામ સૂચવનારાં ચિહ્નો ગણાય છે. આપણાં શાસ્ત્રોમાં સ્વપ્ન સંબંધી બહુ વિગતવાર અને યુક્તિપૂર્ણ વિવેચનો કરવામાં આવ્યાં છે. વર્તમાનકાળે પાશ્ચાત્ય શિક્ષણના સંસ્કારોએ સ્વપ્નશાસ્ત્રની માન્યતાઓ પ્રત્યે નવયુવકોને અશ્રદ્ધાવાળા બનાવી દીધા છે એ સત્ય છે, તથાપિ વિવેકદૃષ્ટિથી અને બુદ્ધિગમ્ય દલીલોથી જો એ વિષય તેમની સમક્ષ રજુ કરવામાં આવે તો સ્વપ્નશાસ્ત્ર પણ ઉપયોગી અને સૂચક શાસ્ત્ર છે એ વાતનો સ્વીકાર થયા વિના રહે નહીં. આપણા પરમ પૂજ્ય તીર્થંકર ભગવાન્ જ્યારે માતાના ગર્ભમાં આવે છે, અર્થાત્ ચ્યવે છે, ત્યારે તેમની માતાને નિયમિતરૂપે ચૌદ સ્વપ્નાં આવે છે. આ વાત સૌ કોઈ જૈનપુત્ર જાણે છે; પરંતુ એ સ્વપ્ન શું સૂચવે છે, એ સંબંધી ભાગ્યે જ કોઈએ વિચારો કર્યા હશે. એ ચૌદ સ્વપ્નમાં કેટલો ગંભીર આશય રહેલો છે, તેનો સંક્ષિપ્ત સાર નીચેના કાવ્યમાં આપવામાં આવ્યો છે. આ કાવ્ય કોઈ ડુંગરશીભાઈ નામના વિચારક વિદ્વાને લખ્યું હોય તેમ તે કાવ્યની છેલ્લી લીટી વાંચતાં સ્પષ્ટ થાય છે. અમે તે કાવ્યના સ્પષ્ટીકરણપૂર્વક એ મૂળ કાવ્ય વાચકોના કરકમળમાં મૂકવાની ભાવના રાખીએ છીએ. શુભં ભવતુ !

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# ચૌદ સ્વપ્નનું રહસ્ય.

**પહેલે સ્વપ્ને ગજવર દીઠો, ચાર દંતો મનોહારોજી,**
**ચાર પ્રકારે ધર્મ પ્રકાશ્યો, ભવિ જીવને હિતકારોજી;**
**સુણો ભવિ પ્રાણીજી રે. (૧)**

અર્થાત્—ભાગ્યશાળી માતાને પ્રથમ સ્વપ્નમાં એક હાથી દૃષ્ટિએ પડે છે. આ હાથી સામાન્ય હાથી નથી હોતો, પણ હાથીઓના રાજા તરીકે જેને ગજપતિ કહી શકાય તેવો ગજવર હોય છે. તેના ચાર મનોહર દાંતો પણ સ્પષ્ટ નજરે પડે છે. આ ચાર દાંતો ખાસ કરીને ધ્યાન ખેંચનારા થઈ પડે છે. તો હવે પ્રશ્ન એ છે કે એ ચાર દાંતોનો રહસ્યાર્થ શું? તેના ઉત્તરમાં આપણને કહેવામાં આવ્યું છે કે એ ચાર દાંતો જણાય છે, તે ચાર પ્રકારના ધર્મોનું અર્થાત્ દાન, શીલ, તપ, ભાવનું સૂચન કરે છે. ઇંદ્ર માતાજીને કહે છે કે આ ચાર દાંતો જેમ હાથીના મુખમાંથી બ્હાર નીકળ્યા છે અને જગતને આશ્ચર્યમુગ્ધ કર્યું છે, તેમ તમારા મહા પુરૂષાર્થી અને ઉન્નત પુત્રના મુખમાંથી પણ ધર્મોપદેશનું દિવ્ય સ્ફુરણ થશે, અને એ ઉપદેશને અવધારી ભવિ જીવો પરમ કલ્યાણને સાધશે. ચાર પ્રકારનો ધર્મ કહેવાથી તેમાં સર્વ પ્રકારની ક્રિયાઓ, સિદ્ધાંતો તથા વિધિ–નિષેધો સમાઈ જાય છે, એમ કહેવાની જરૂર નથી. દાનથી માણસનું હૃદય ઉન્નત થાય છે, અભિમાન, મોહ આદિ આંતરિક શત્રુઓ દાનગુણથી પરાજિત થાય છે, શીલથી મનુષ્યનું ચારિત્ર

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

દેદીપ્યમાન બને છે, તપથી અંતર-બાહ્યની વિશુદ્ધિ થાય છે અને ભાવનાથી આત્માનું-હૃદયનું-મનનું અને શરીરનું બળ સવિશેષ સ્ફૂર્તિપ્રાપ્ત થવાની સાથે પરમ કલ્યાણ-મોક્ષને સાધી શકે છે. ત્રિપદીના ઈસારા માત્રથી કેવલી ભગવાન્ જેમ સંસારનું આબેહૂબ ચિત્ર દર્શાવી આપે છે, તેમ ચાર પ્રકારના ધર્મથી સર્વજ્ઞ ભગવાન્ ધર્મનાં સર્વ રહસ્યોનું ટુંકામાં સૂચન કરી દે છે. દાન, શીલ, તપ, ભાવથી અતિરિક્ત એવો કોઈ ધર્મ ઉદ્ભવ્યો નથી, તેમ ઉદ્ભવે એવો સંભવ પણ નથી. એ ચાર પ્રકારના ધર્મોમાંથી એકેક પ્રકારનો આશ્રય લઇ અનેક ધર્મો આજ સુધીમાં પ્રવર્ત્યા છે, પણ આપણે તે સંબંધી ચર્ચામાં ઉતરવાની અત્યારે જરૂર નથી.

---

બીજા સ્વપ્નમાં ગગનમંડળમાંથી ઉજ્જવળ વૃષભ આવતો જણાય છે, તેનો આશય સ્પષ્ટ કરતાં કવિ બીજી કડીમાં કહે છેઃ—

**રૂષભ સ્વપ્નથી ભરતક્ષેત્રમાં, બોધિબીજને વાવેજી,**
**બીજે સ્વપ્ને ધોરી ઉજ્જવલ, ગગનમંડળથી આવેજી;**
**સુણો ભવિ પ્રાણી જી રે. (૨)**

વ્યવહારમાં સાધારણ રીતે રૂષભ-બળદને બહુ ઉપયોગી પ્રાણી લેખવામાં આવે છે, કારણ કે તેથી જમીન ખેડાય છે, અને ક્ષેત્ર રસયુક્ત બને છે. ખેડીને તૈયાર કરેલી જમીનમાં જો બીજનો નિક્ષેપ કરવામાં આવે તો તે બીજ ફળ-ફુલયુક્ત બન્યા વિના રહે નહીં. ઈંદ્ર મહારાજ તીર્થંકરની માતાજીને કહે છે કે તમારો આ ભાવી પુત્ર રૂષભ સમાન બનશે અને ભરતક્ષેત્રને ખેડીને તેમાં બોધિબીજનો નિક્ષેપ કરશે. **ભરતક્ષેત્ર** એમ કહેવાનું. કારણ એટલું જ છે કે એ ક્ષેત્ર સર્વ અનાર્ય ક્ષેત્રોની અપેક્ષાએ સર્વોત્તમ મનાય છે. ભરત-

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલાં મનુષ્યોનાં અંતઃકરણો એવાં નિર્મળ અને રસયુક્ત હોય છે કે જો તેમાં બીજનું વાવેતર કરવામાં આવે તો તે ફળીભૂત થયા વિના રહે નહીં. એટલામાટે ભરતક્ષેત્રમાં જન્મ હોવો એને આપણાં શાસ્ત્રોમાં પરમ સૌભાગ્યનું ચિહ્ન લેખવામાં આવ્યું છે. તેનું કારણ આથી સ્પષ્ટ થવા યોગ્ય છે. તીર્થંકર જેવા ભગવાનો ખાસ કરીને આવા આર્યક્ષેત્રમાં જ જન્મ લે છે, અને પોતાની વાણીનો તથા ચારિત્રનો છુટથી ભવિ જીવોને લાભ આપે છે. આજે આ ક્ષેત્રમાં તીર્થંકર ભગવાન્ પોતે સશરીરે વિદ્યમાન નથી એ આપણું કમનશીબ છે, છતાં તેમની વાણીના જે દિવ્ય અંશો આ કાળે પણ રહી ગયા છે, તેનાથી જો ભવિ જીવો ધારે તો પોતાનું ઇષ્ટ–સાધ્ય બિંદુ બહુ સહેલાઇથી સાધી શકે તેમ છે. આપણે સર્વેએ શ્રી તીર્થંકર ભગવાન્ જે બોધિબીજો આ ક્ષેત્રમાં વાવતા ગયા છે, તેનો લાભ લઈ મુક્તિના માર્ગે ચાલીએ તો આપણો નરજન્મ, ભરતક્ષેત્રની પ્રાપ્તિ તથા શ્રાવકકુલમાંનો જન્મ એ સર્વ અવશ્ય સફળ થાય એમાં શક નથી.

---

ત્રીજા સ્વપ્નમાં માતાજી સિંહ–કેસરીનું દર્શન કરે છે. આ સિંહદર્શનનું રહસ્ય સમજાવતાં કવિવર ત્રીજી કડીમાં કહે છેઃ—

**ત્રીજે સ્વપ્ને સિંહ વિલોકી, મદનાદિક જે હાથીજી,**
**તેનું મન મોડીને તુજ સુત, થાશે ધરમનો સાથીજી;**
**સુણો ભવિ પ્રાણીજી રે. (૩)**

અર્થાત્ તીર્થંકર ભગવાન્ મદનાદિ અરિને હણવામાં સિંહ સમાન થશે. જેવી રીતે અરણ્યમાં સ્વચ્છંદતાથી વિચરતા મદોન્મત્ત હાથીઓના કુંભસ્થળને કેસરી સિંહ એક પલકમાં અનાયાસે ભેદી શકે છે, તેવી રીતે તમારો આ પુત્ર મદનરૂપી હસ્તીને પરાસ્ત

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

કરવામાં સિંહ સમાન થશે. મદન પાસે આદિ શબ્દ મૂક્યો છે, તે ઉપરથી ક્રોધ, માન, મદ, મોહ, લોભ આદિ અંતરંગ વૈરીઓનો પણ પરાભવ કરશે એમ સમજી લેવાનું છે. વસ્તુતઃ જ્યાંસુધી કોઈ પણ મનુષ્ય પોતાના અંતરંગ શત્રુઓ ઉપર અધિકાર જમાવી શકે નહીં, ત્યાંસુધી તે સાચો ધર્મ પામી શકે નહીં. સારાંશ કે જેઓ અંતરંગ શત્રુઓરૂપી ગજવર પ્રતિ કેસરી–સિંહ સમાન થઈ શકે છે અને અંતર–બાહ્ય શત્રુઓના બળને નિર્મૂળ કરી શકે છે તે જ પુરૂષવરો યથાર્થ ધર્મના સાથી બની શકે છે, એમ કહેવાનો પણ આ કાવ્યકર્તાનો આશય છે. સિંહ એ જંગલનો રાજા કહેવાય છે. તે વનોમાં અને ઉપવનોમાં નિર્ભય રીતે વિહરી શકે છે, કારણ કે તેને કોઈ પણ પ્રકારનો ભય હોતો નથી. મનુષ્યોએ પણ ધર્મના માર્ગમાં નિરંતર સિંહની માફક નિર્ભયતાથી અને અડગતાથી વિચરવું જોઇએ, પણ આમ ક્યારે બની શકે? જો આપણે આપણા અંતરના તથા બહારના અરિઓને જીતી લઈ શકીએ, તો જ આપણે શાંતિ તથા નિર્ભયતાપૂર્વક ધર્મના માર્ગમાં આગળ વધી શકીએ. કામ, ક્રોધાદિ શત્રુઓનું પ્રાબલ્ય જ્યાંસુધી અંતરમાં વર્ત્યા કરે છે, ત્યાંસુધી મનુષ્ય સર્વદા પરાધીન રહે છે. વંદન છે તે પરમાત્મસ્વરૂપ તીર્થંકર ભગવાનને, કે જેઓએ ષડ્રિપુઓને હણવામાં કેસરી સમાન વીર્ય ફોરવી જગતના ઇતિહાસમાં દૃષ્ટાંત બેસાર્યું છે, અને જેમના પગલે ચાલી અનેક ભવ્ય જીવો મુક્તિનો માર્ગ પામ્યા છે, તથા ભવિષ્યમાં પણ પામશે. હે પ્રભુ! હે અનંત દયામય ભગવાન્! અમે પણ આપની માફક અમારા શત્રુઓરૂપી હાથીઓને હણવામાં ક્યારે સિંહ સમાન બની શકીશું? અને આપની માતાજીને આવેલ સ્વપ્ન અમે ક્યારે સાર્થક કરી શકીશું?

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

હવે ચોથા સ્વપ્નનું રહસ્ય દર્શાવતાં કવિશ્રી નીચે પ્રમાણે કહે છેઃ—

**ચોથે સ્વપ્ને લક્ષ્મી દીઠી, વરસીદાનને દેશેજી,**
**તીર્થંકર એ લક્ષ્મી ભોગી, શિવવધૂ કમળા વરશેજી;**
**સુણો ભવિ પ્રાણીજી રે. (૪)**

તીર્થંકરની માતુશ્રી ચોથા સ્વપ્નમાં લક્ષ્મીના દર્શન કરે છે. આ લક્ષ્મી આપણા જેવા પામર મનુષ્યોને જેવી રીતે બંધનકર્તા થાય છે અને સંસારના ઉંડા કીચડમાં ઉતારી દેનારી થાય છે, તેવી રીતે તીર્થંકર પ્રભુને બંધનકર્તા તથા લિપ્તકર્તા થવા માટે નથી હોતી, પરંતુ વરસીદાનને દિવસે પ્રાણીઓને મુક્ત હસ્તે દાન આપવામાં એનો સદુપયોગ થાય તે માટે એ લક્ષ્મી સદા તીર્થંકર ભગવાન્ પાસે બે હાથ જોડીને ઉભી રહે છે. લક્ષ્મીનો સાચો ઉપયોગ શું હોઈ શકે, એ વાત ઉપર આ સ્વપ્ન બહુ ગંભીરતાથી પ્રકાશ નાખે છે. લક્ષ્મીની પ્રાપ્તિ માટે જે મનુષ્યો પાપકર્મો કરતાં આંચકો ખાતા નથી અને એક પાઈ પ્રાપ્ત થતી હોય તો અઢાર પાપસ્થાનકો સેવતાં જેમને લેશ પણ સંકોચ થતો નથી, તેમણે આ સ્વપ્ન ઉપરથી ખાસ બોધ ગ્રહણ કરવાની જરૂર છે. લક્ષ્મીનો જો તમારે ખરેખરો ઉપભોગ લેવો હોય તો તેના દાસ ન બનો, કારણ કે લક્ષ્મીના ગુલામો કદાપિ આત્મ કલ્યાણ કરવાને શક્તિમાન્ થઈ શકતા નથી. લક્ષ્મીનું દાન કરવું અને અહંકાર વડે જે સંપત્તિ પ્રાપ્ત કરી હોય તેનો ત્યાગ કરવો એજ લક્ષ્મીનો સાચો ઉપભોગ છે. આપણે પ્રથમ સ્વપ્નદર્શને જોઈ ગયા છીએ કે તીર્થંકર ભગવાન્ ચાર પ્રકારના ધર્મોનો પ્રકાશ કરે છે, તેમાં દાનને

૨

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પ્રથમ પદ આપવામાં આવ્યું છે. પ્રભુ પોતે ધર્મનો પ્રકાશ કેવળ વાણીથી જ નથી કરતા, પણ પોતાના વર્તનથી દાનધર્મની મહત્તા જગતને જાહેર કરે છે. પોતાને પ્રાપ્ત થયેલી લક્ષ્મી જેઓ નિર-હંકારપણે પોતાના માનવબંધુઓના હિતાર્થે તથા જગતના સર્વ પ્રાણીઓના કલ્યાણાર્થે વાપરી શકે છે, તેઓ ક્રમે ક્રમે શિવવધૂ પ્રાપ્ત કરી શાશ્વત સુખ મેળવવા ભાગ્યશાળી થાય છે. પ્રભો ! આપને પ્રાપ્ત થયેલી લક્ષ્મીની અપેક્ષાએ એક બિંદુના અનંતમા ભાગ જેટલી પણ લક્ષ્મી અમે પ્રાપ્ત કરી શકયા હોઇએ તેનો સદુપયોગ કરવાનું અર્થાત્ દાન કરવાનું અમોને બળ અર્પો, કે જેથી આપની માતાને આવેલું સ્વપ્ન સાર્થક છે એટલુંજ નહીં, પણ એ સ્વપ્નનો આશય અમે સમજી શકયા છીએ એમ છાતી ઠોકીને કહી શકવાની સ્થિતિમાં મૂકાઇએ.

---

પાંચમા સ્વપ્નનું સ્પષ્ટીકરણ કરતાં કવિવર કહે છે કેઃ—

**પાંચમે સ્વપ્ને કુસુમની માળા, સવી જન શિરપર ધારેજી,**
**તીમ ભવિ જીવના, તુજ સુતવર પાપ–તાપ સવી ટાળેજી;**
**સુણો ભવિ પ્રાણીજી રે. (૫)**

કુસુમાદિ સુગંધી દ્રવ્યો જેમ દુર્ગંધીને દૂર કરી પોતાની સુવાસ પ્રકટાવે છે, તેવી રીતે હે તીર્થંકર ભગવાનની પ્રાતઃસ્મરણીય જનની ! તમારો પુત્ર પણ કુસુમની માળાની પેઠે ભવિ જીવોનાં અંતઃકરણોમાં રહેતી દુર્ગંધી દૂર કરી તેમનાં ભક્ત હ્રુદયને પણ કુસુમની માફક સુગંધી સ્ફુરાવતાં બનાવી દેશે. પ્રચંડ ગ્રીષ્મની જ્વાળાથી સંતપ્ત થયેલા વિલાસી જીવો કુસુમમાળાઓને કંઠમાં

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ધારણ કરવાથી જેવી રીતે શાંતિ અને તૃપ્તિ અનુભવે છે, તેવી રીતે તમારો પુત્ર પણ ભવિ જીવોના પાપ–તાપને દૂર કરનારો તથા અપૂર્વ શાંતિ આપનારો થશે એટલું જ નહીં, પણ જગતમાં પુણ્ય-રૂપી પુષ્પની સુગંધી પ્રસરાવનાર પણ થશે. પુષ્પોને બહુ જ પવિત્ર લેખવામાં આવે છે તેનું કારણ દર્શાવતા એક કવિએ વાજબી રીતે જણાવ્યું છે કે ફુલો, વૃક્ષો તથા મેઘ એ સર્વનો જન્મ કેવળ પરોપકારાર્થે જ હોય છે, અને તેથી જ જગત્ તેમને બહુ સન્માનથી વધાવે છે. પુષ્પો ખીલે છે, તે શું પોતાને માટે ખીલે છે? નહીં, જગતમાં પરાગનો ફેલાવો કરવો તથા વણ માગ્યે પથિકોનાં ચિત્તને આહ્લાદિત કરવાં, અને વિના પ્રયત્ને પ્રેક્ષકોની દૃષ્ટિને તૃપ્ત કરવી એ ગુણો સ્વાભાવિક રીતે જ પુષ્પોમાં રહેલા હોય છે. તે જ પ્રમાણે તમારો આ પુત્ર પણ જગતને નયનાનંદ તથા ઉપકારક થવાની સાથે જગતમાંથી પાપ–તાપ–વિઘ્ન તથા દુરાચારની દુર્ગંધીને નિર્મૂલ કરવામાં સુગંધી કુસુમમાળાનું કામ કરશે. "સવી જન શિર પર ધારેજી" એમ કાવ્યમાં કહેવામાં આવ્યું છે, તેનો આશય એવો છે કે સુગંધી કુસુમમાળાને મનુષ્યો જેમ શિરે ધારણ કરે છે, તેમ તમારા પુત્રને પણ જગતના ભવ્ય જીવો શિરસા વંદ્ય માનશે. એમ ઇંદ્ર મહારાજ કુસુમમાળાના દર્શનથી સિદ્ધ કરે છે. હે વિશ્વ-વંદ્ય તીર્થંકર ભગવાન્! અમે પ્રાર્થીએ છીએ કે આપે પ્રસરાવેલી સુગંધ અમારા આત્માને પણ સ્પર્શ કરો અને આપના કુસુમ સમાન ચરણોમાં અમારૂં શિર સદા નમેલું જ રહો!

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

છઠ્ઠા સ્વપ્નનું રહસ્ય કવિવર આ પ્રમાણે દર્શાવે છેઃ—

**છઠ્ઠે સ્વપ્ને ચંદ્ર વિલોકી નીલ કમળ વિકાસેજી,**
**તીમ ભવિ જીવના હૃદયકમળમાં, તુજ સુત એમ પ્રકાશેજી;**
**સુણો ભવિ પ્રાણીજી રે. (૬)**

કમળ–પુષ્પ જેમ ચંદ્રદર્શનથી અતિશય પ્રફુલ્લિત થાય છે, તેમ શ્રી તીર્થંકર પ્રભુના દર્શનમાત્રથી ભવિ જીવનાં હૃદયરૂપી કમળો પ્રફુલ્લિત થશે, એમ આ ચંદ્રનું સ્વપ્ન સૂચવે છે. ચંદ્રમાં કુદરતી રીતે જ એવું સામર્થ્ય અથવા પ્રભાવ રહેલો છે કે તેનો ઉદય થતાં વાર કમળની પાંદડીઓ વિકસિત–પુલકિત તથા વિસ્તારિત થયા વિના રહેતી નથી. ચંદ્રને એ માટે કશો પ્રયત્ન કરવો પડતો નથી; તેવી જ રીતે પવિત્ર આત્માઓ અને નિર્દોષ પુરૂષસિંહોમાં કોઈ એવું સામર્થ્ય પ્રકટે છે કે તેમના દર્શન માત્રથી ભવિ જીવોનાં અંતઃકરણમાં કુદરતી રીતે પ્રમોદભાવ તથા ભક્તિભાવ સ્ફુર્યા વિના રહેતો નથી. પવિત્ર આત્માઓ ભલે વાણીથી કે ક્રિયાથી કાંઈ ઈસારો સરખો પણ ન કરે, તથાપિ તેમની શાંત–સૌમ્ય–પ્રભાવિશિષ્ટ–ચંદ્રોપમ કાંતિ જ જગતના મુમુક્ષોઓને એવું અદ્ભુત આકર્ષણ કરે છે કે ભવિ જીવો એવા નિઃસ્પૃહી તથા વીતરાગ પુરૂષના ચરણનો આશ્રય લીધા વિના રહી શકતા નથી. આજે આપણે એવા નિર્દોષ પુરૂષરૂપી ચંદ્રના અભાવે ભવાટવીના અંધાર પ્રદેશમાં ભટકીએ છીએ. ચંદ્રના પ્રકાશની રાહ જોતાં આપણાં અંતઃકરણોરૂપી કમળો સંકોચાઈ જવા લાગ્યાં છે! પરંતુ એટલું સૌભાગ્ય છે કે તીર્થંકર ભગવાનની મૂર્ત્તિ તથા તેમની અમૃતમયી સૂત્રબદ્ધવાણી જ્યાંસુધી વિદ્યમાન છે, ત્યાંસુધી હૃદયકમળો કરમાઈ જાય એવો ભય રાખવાનું કારણ નથી. હે ભગવન! હે અનંત જ્ઞાન, દર્શન તથા

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ચારિત્રના સ્વામી ! અમારાં હૃદયકમળો આપની સાક્ષાત્ ચંદ્રોપમ કાંતિ નિહાળી ક્યારે વિકસ્વર થશે ?

---

તીર્થંકર ભગવાનના અનેક અતિશયો પૈકી કયા અતિશયનું સૂચન આ સાતમા સ્વપ્નમાં થાય છે, તે સંબંધી કવિરાજ કહે છે કેઃ—

**સાતમે સ્વપ્ને સૂરજમંડળ, સહસ્ર કિરણથી દીપેજી,**
**તીમ ભામંડળના તેજ કિરણથી, નિજ અરિને તે જીતેજી;**
**સુણો ભવિ પ્રાણીજી રે. (૭)**

અર્થાત્—સૂર્યમંડળનાં તેજસ્વી કિરણો જેવી રીતે જગતને પ્રકાશિત કરે છે અને અંધકાર, તિમિર તથા નિશાચરોનો નાશ કરે છે, તેવી રીતે તમારો પુત્ર પણ પોતાના ભામંડળના પ્રકાશ વડે પ્રકાશશે, જગતને પણ પ્રકાશિત કરશે અને ઉજ્જવળતાનું સામ્રાજ્ય ફેલાવશે. નિશાકાળે તિમિરપ્રિય પ્રાણીઓ અંધકારનો લાભ લઈ અનેક જીવોને હેરાન કરે છે, પણ સૂર્યનો પ્રકાશ થતાંની સાથે જ તેઓ એકાંત ખૂણામાં ભરાઈ પેસે છે. તીર્થંકર મહારાજના પ્રતાપે સંસારમાંથી મિથ્યાત્વરૂપી અંધકાર પલાઈ જાય છે અને સમ્યકત્વનો સૂર્ય સોળે કળાથી પ્રકાશવા લાગે છે. આ વખતે, પછી મિથ્યાત્વીઓનું તથા સંસારાટવીમાં હેરાન અને પાયમાલ કરનારા દુશ્મનોનું બળ ચાલી શકતું નથી. ઈંદ્ર મહારાજ કહે છે કે તમારા આ ભાવી પુત્રના મુખ ઉપર ભામંડળની દીપ્તિ એટલા બધા બળથી જાજ્વલ્યમાન રહેશે કે તે ભામંડળના પ્રચંડ પ્રતાપ આગળ કોઈ અરિનું–બાહ્ય કે અંતરંગ અરિનું બળ નભી શકશે નહીં. भामंडलं दुंदुभिरातपत्रम् વિગેરે જે અતિશયોનું શાસ્ત્રમાં વર્ણન કરવામાં આવ્યું છે, તેવા અતિશયોવાળો આપનો પુત્ર થશે, એમ આ સૂર્યનું

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

સ્વપ્ન આગળથી સૂચવે છે. ભામંડળને અંગ્રેજી ભાષામાં "હેલો" (halo) કહેવામાં આવે છે, અને એક મનુષ્ય જેમ જેમ વિશુદ્ધિમાં તથા નિર્દોષતામાં આગળ વધતો જાય છે તેમ તેમ તેના મુખની આસપાસ પ્રવર્તતો પ્રકાશ–ભામંડળ વધારે ઉગ્ર–પ્રખર રૂપે પ્રકાશવા લાગે છે. તીર્થંકર ભગવાનની સૌમ્ય અને શાંત મુખકાંતિની ચોતરફ સૂર્યનાં કિરણો જેવું પ્રભાસ્યમાન તથા પ્રબળ પ્રતાપાન્વિત ભામંડળ ફેલાયેલું હોય છે; એથી કરીને તેમનો પ્રતાપ અખંડિત રહે છે, તેમનું શાસન સર્વોપરિ રહે છે અને તેમના વિરોધીઓનું બળ નિષ્ફળ જાય છે. પ્રભો ! આપના ભામંડળ સરખો સમ્યક્ત્વનો પ્રકાશ ચોતરફ પ્રસાર પામો અને આપનાં તેજસ્વી સહસ્ર કિરણો વડે મિથ્યાત્વરૂપી તિમિરનો નાશ થાઓ, એ જ અમારી પુનઃ પુનઃ પ્રાર્થના છે.

---

આઠમા સ્વપ્નની ધ્વજા શું સૂચવે છે, તે સંબંધી કવિ બહુ સરળ રીતે કવે છે કેઃ—

**ધરમધજાનો ભોગી થાશે, મુજ દરશન તુજ નંદજી,**
**આઠમે સ્વપ્ને ધ્વજા એમ વિનવે, ધરતી રાગ ઉમંદાજી;**
**સુણો ભવિ પ્રાણીજી રે. (૮)**

ધ્વજાને પવનમાં ઉડતી અનેકોએ જોઈ હશે. આવી ધ્વજા તીર્થંકર મહારાજના માતાજીનાં સ્વપ્નમાં આવીને ભવિષ્યદ્વાણીરૂપે અત્યંત હર્ષપૂર્વક–પ્રસન્નતાપૂર્વક કહે છે કેઃ–" મારા દર્શન તમને થયા છે, તે એમ સૂચવવા માટે કે તમારો નંદ અર્થાત્ પુત્ર ધર્મધ્વજાનો ભોગી થશે" અને વિશ્વમાં અનેકાંત ધર્મનો વિજયવાવટો ફરકાવશે. તીર્થંકર મહારાજની સાથે ધર્મધ્વજા હમેશાં ફર-

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

કતી રહે છે, કારણ કે એમનો અતિશય જ એવા પ્રકારનો હોય છે કે એ ધ્વજા તેમને નિત્ય અનુસર્યા વિના રહેતી નથી. આ ધર્મ-ધ્વજા તીર્થંકર મહારાજની વાણીનું, હૃદયનું તથા આત્માનું અપૂર્વ બળ સૂચવી આપે છે. તીર્થંકર પ્રભુની વાણી એવી નિર્દોષ–નિર્મળ અને મધુર હોય છે, તેમનું હૃદય રાગ–દ્વેષ રહિત હોવાના કારણે એવું તો શુદ્ધ તેમજ સ્ફટિક સરખું ઉજ્જવળ હોય છે અને તેમનો આત્મા એવો તો નિરાવરણ અને વિમળ હોય છે કે સમસ્ત વિશ્વના પ્રાણીઓ તેમની વિજયવતી ધર્મધ્વજા નીચે આવીને આશ્રય લે છે અને પોતાનું કલ્યાણ કરે છે. શ્રીમંતોની, ધનવાનોની તથા રાજા મહારાજાઓની ધ્વજા ગમે તેટલા અભિમાનપૂર્વક હવામાં ફડફડાટ કરે, પરંતુ તીર્થંકર ભગવાનની ધર્મધ્વજા પાસે તેનું લેશ પણ મહત્ત્વ રહેતું નથી. ધ્વજાને પ્રતાપનું–ગૌરવનું–શક્તિનું એક ચિહ્ન લેખવામાં આવે છે. તીર્થંકર પ્રભુની ધર્મધ્વજા જેમ તેમની સાથે નિર્વિઘ્નપણે ફરકયા કરે છે, તેવી રીતે તેમની કૈવલ્યપ્રાપ્તિ પછી પણ એ ધર્મ-ધ્વજા–જો કે અદૃશ્ય–આધ્યાત્મિક ધર્મધ્વજા સર્વ દર્શનો તથા ધર્મોની ઉપર ચિરકાળ પર્યંત ફરકયા કરે છે. આપણે સર્વે એ પ્રભુની ધર્મધ્વજાના આશ્રય તળે ભાગ્યયોગે આવી વિરમ્યા છીએ, તે માટે આપણે આપણી જાતને પરમ ભાગ્યશાળી માનવી જોઈએ. પરા-પૂર્વના પ્રબળ પુણ્યપ્રતાપે જ તીર્થંકર મહારાજનું શાસન તથા તેમની ધર્મધ્વજાનો જીવોને આશ્રય મળે છે, એ વાત સૌ કોઈ જાણે છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

નવમા સ્વપ્નમાં પવિત્ર કળશ પ્રત્યક્ષ થાય છે અને પોતાના દર્શનનું ફળ દર્શાવતાં કહે છે કેઃ—

**શાંતાદિક ગુણરત્નના દરીઆ, મેં પૂજું તુજ પુત્રજી,**
**નવમે સ્વપ્ને માજી જાણો, એમ કહે કળશ પવિત્રજી;**
**સુણો ભવિ પ્રાણીજી રે. (૯)**

અર્થાત્–કળશ કહે છે કે "હે પરમ ભાગ્યવતી જનની! તમારે પેટે એક એવો પુત્ર જન્મશે કે જે સર્વ પ્રકારે મારા જેવો જ સંપૂર્ણ અને ગુણરત્નધારી થશે, અને હું પણ જેની પૂજા કરવાને સદા તત્પર રહીશ." અધુરો ઘડો હોય તે જ છલકાય છે, એવી આપણામાં એક સાધારણ કહેવત છે. તે બહુ અર્થસૂચક છે. જેમના આત્મામાં **શાંતિ**નો કિંવા ક્ષમાનો અથવા ધૈર્યનો ગુણ નથી ખીલ્યો હોતો અને લોકોની પાસેથી કેવળ માન કે ભિક્ષા મેળવવા માટે જ દંભ રાખતા હોય છે તેઓ સંપૂર્ણ શાંતિ રાખી શકતા નથી અને કવચિત્ ક્રોધથી એવા ધમધમી નીકળે છે કે તેમને માટે આપણને દયા સ્ફુર્યા વિના રહેતી નથી. તીર્થંકર મહારાજ જેવા મહા પુરૂષોનાં હૃદયમાં શાંતિ તેમજ તેના સહચારી બીજા ગુણો એકરસ થઇને રહ્યા હોય છે, તેથી તેઓ હમેશાં ભરેલા કળશની માફક જ ગંભીર રહે છે. અર્થાત્ અધુરા કળશની માફક છલકાતા નથી. અધુરાશ અથવા અપૂર્ણતા હોય છે ત્યાં જ છલકાવાપણું હોય છે. વસ્તુતઃ અગંભીરતા હોવી એ આત્માની એક પ્રકારની નિર્બળતા છે, અને નિર્બળતા એજ પાપનું પ્રભવસ્થાન છે. સંપૂર્ણ કળશના જેવી ગંભીરતા તથા શાંતિ આપણા હૃદયને પણ સ્પર્શો, એવી પ્રાર્થના આપણે આ સ્વપ્નના દર્શન વખતે કરીશું તો તે અયોગ્ય કિંવા અસ્થાને નહીં ગણાય.

---

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

દશમા સ્વપ્નમાં પદ્મ સરોવર પોતાનો પ્રભાવ દર્શાવતાં કહે છે કેઃ—

**પદ્મ સરોવર આવી દસમે, માતા સુણો મોરી વાતજી,**
**સુરરચિત કમળના ઉપર ઠવશે, કોમળ પદ તુજ પુતજી;**
**સુણો ભવિ પ્રાણીજી રે. (૧૦)**

દશમા સ્વપ્નમાં તીર્થંકરની માતાજીને જે સરોવર દૃષ્ટિગોચર થાય છે, તેમાં અનેક પદ્મ–પુષ્પો પણ ખીલેલાં નજરે પડે છે. આ કમળોવાળું સરોવર સૂચવે છે કે "તમારા પુત્રના કોમળ ચરણકમળ પૃથ્વીને સ્પર્શવાને બદલે દૈવી કમળ ઉપર સ્થિર થશે, અને તે કમળો પાર્થિવ નહીં, પણ દેવતાઓએ ખાસ તૈયાર કરેલાં કમળો હશે." વસ્તુતઃ આ સ્વપ્નથી તીર્થંકર પ્રભુના અતિશયનું સૂચન થાય છે. એવો નિયમ છે કે તીર્થંકર ભગવાન્ એક ચરણ ઉપાડી પૃથ્વી ઉપર તે ધરે તે દરમિયાન દેવતાઓ જ્યાં પ્રભુનો ચરણન્યાસ થવાનો હોય તે સ્થળે પોતાના દેવસુલભ સામર્થ્યથી એક કમળ તૈયાર કરે છે અને પ્રભુએ મૂકવા ધારેલ ચરણ એ કમળ ઉપર જ સ્થિર થાય છે. પદ્મ સરોવરનું સ્વપ્ન માતાજીને કહે છે કે કમળપત્ર ઉપર જેમનો ચરણ સ્થિર થાય એવા પ્રભાવવાળો તમારો પુત્ર થશે, અર્થાત્ તમારો પુત્ર તીર્થંકર થશે. આ અતિશયનો વિચાર કરીએ તો એટલું સ્પષ્ટ જોઈ શકાય કે તીર્થંકર પ્રભુની સેવામાં દેવગણો હમેશાં તત્પર રહેશે અને તેમના ચરણમાં ઘાસનું એક તરખલું–દર્ભાંકુર પણ પીડા ન આપે તે માટે તેઓ સદા ચિંતિત રહેશે. દેવતાઓ તીર્થંકર ભગવાનની કુશળતા તથા સુખાદિ માટે કેવી ચીવટ રાખે છે, કિંવા રાખતા આવ્યા છે, તેનું સ્પષ્ટીકરણ આ સ્વપ્નથી થવા યોગ્ય છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

અગીઆરમા સ્વપ્નનું રહસ્ય દર્શાવતાં કવિશ્રી કહે છે કે:-

**જ્ઞાનાદિક ગુણરત્નના ભરીયા, મુજથી એ ગંભીરોજી,**
**અગીયારમે સ્વપ્ને માજી દેખે, સોભાગ સાયર ખીરોજી;**
**સુણો ભવિ પ્રાણીજી રે. (૧૧)**

અર્થાત્–ક્ષીર સમુદ્ર તીર્થંકરની માતાજીને કહે છે કે "તમારો પુત્ર મારા કરતાં પણ વધારે ગંભીર થશે." સમુદ્ર તો ભરતી ઓટ વખતે એવાં તો મોજાંઓ જોરથી કીનારા ઉપર અફાળે છે કે પથિકોને ભય થયા વિના રહેતો નથી, પરંતુ તીર્થંકર ભગવાન્ એવી ગંભીર પ્રકૃતિના હોય છે કે દુશ્મનો આવીને પ્રહાર કરે કે અનુયાયીઓ આવીને પૂજા કરે તોપણ તેમના અંતઃકરણમાં રાગ દ્વેષનો સ્પર્શ સુદ્ધાં થતો નથી. સારાંશ કે તેઓ તેમની શાંત તથા ગંભીર પ્રકૃતિ કદાપિ ત્યજતા નથી. એક સ્થળે કહ્યું પણ છે કે પાર્શ્વનાથ ભગવાન્ પ્રત્યે એક વખતે કમઠે અને ધરણેંદ્રે પોતપોતાને ઉચિત કર્મો કર્યાં, અર્થાત્ એકે ઉપદ્રવ કર્યો અને અન્યે તેમની સેવા કરી તોપણ પ્રભુની વૃત્તિ તો ગંભીર જ રહી, બન્ને પ્રત્યે પ્રભુ એક સરખી જ દૃષ્ટિ સાચવી રહ્યા. તીર્થંકર ભગવાન્ માત્ર ગંભીર રહેશે એટલું જ નહીં, પણ સમુદ્ર વિશેષમાં કહે છે કે–"મારા ઉદરમાં જેમ અનેક નાનાં–મોટાં રત્નો ભર્યાં છે, તેવી રીતે તમારા પુત્રના અંતઃકરણમાં પણ જ્ઞાન–દર્શન–ચારિત્રનાં અપૂર્વ રત્નો ભરેલાં રહેશે." પાર્થિવ રત્નો કરતાં જ્ઞાનાદિ રત્નોનું મૂલ્ય અનંત ગણું અંકાય છે, અને તેથી સાગર પોતે જે તેમની પાસે પોતાની લઘુતા સ્વીકારે છે, તે યોગ્ય છે.

---

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

બારમાં સ્વપ્નનું દેવવિમાન સૂચવે છે કેઃ–

**ચાર નિકાયના દેવ મળીને, નમસ્કારે સન્માનેજી,**
**બારમે સ્વપ્ને માજી દેખે, સુંદર દેવવિમાનેજી;**
**સુણો ભવિ પ્રાણીજી રે. (૧૨)**

તીર્થંકર ભગવાન્ની માતાજી બારમા સ્વપ્નમાં એક દેવવિમાન સ્વર્ગમાંથી પોતાની તરફ ચાલ્યું આવતું નિરખે છે. આ સુંદર–રમણીય દેવવિમાનના આગમનનો હેતુ સ્પષ્ટ કરતાં કવિ કહે છે કે "ચાર નિકાયના દેવો નમસ્કાર તથા ભક્તિભાવનાથી તમારા પુત્રને સન્માનશે, એમ આ દેવવિમાનનું અવતરણ સૂચિત કરે છે." ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી તથા વૈમાનિક એ પ્રમાણે ચાર નિકાયના દેવો આવીને તીર્થંકર પ્રભુને પૂજશે. એટલો સંદેશો આ દેવવિમાન માતાજીને પહોંચાડે છે, અને તે પ્રભુના જન્મ પછી અનેક પ્રસંગે આપણે ખરો પડતો તેમના જીવનચરિત્રમાં અનુભવીએ છીએ. પ્રત્યેક મહોત્સવ પ્રસંગે દેવતાઓ આવીને દેવોચિત કર્તવ્યો કરી ચાલ્યા જવાનાં દૃષ્ટાંતોથી તીર્થંકર પ્રભુનાં જીવનચરિત્રો એવાં તો સુપ્રસિદ્ધ છે કે દેવતાઓનું તીર્થંકરો પ્રત્યેનું બહુમાન સ્પષ્ટ કરવાનો અમે આ સ્થળે પ્રયત્ન કરતા નથી. દેવતાઓ જેમનું આટલું આટલું માન સાચવે તેમના પ્રત્યે જનસમાજના–ભવિ જીવનાં મસ્તિષ્કો ભક્તિભાવથી નમે, એમાં કાંઈ આશ્ચર્ય નથી. આપણે પણ આ પ્રસંગે તીર્થંકર પ્રભુને ઉદ્દેશીને સાચા અંતઃકરણથી પ્રભુના પાદપદ્મમાં ત્રિકરણયોગે પ્રણતિપરંપરા સમર્પીશું તો તે પ્રાસંગિક થઈ પડશે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

આ સ્વપ્ન અદૃશ્ય થયા પછી તેરમું સ્વપ્ન આવે છે, તેનું સ્પષ્ટીકરણ કવિ નીચે પ્રમાણે કરે છેઃ–

**મુજ પેરે તુજ પૂજાજ થાશે, ગુણ અનંતના વાસીજી,**
**રતનગઢ માંહે તો બિરાજે, એમ કહે રત્નની રાશીજી;**
**સુણો ભવિ પ્રાણીજી રે. (૧૩)**

અર્થાત્ રત્નની રાશિને અથવા બીજા શબ્દોમાં કહીએ તો રત્નના અલંકારોને જેમ ભાગ્યશાળી મનુષ્યો બહુ આદરથી સત્કારે છે અને પોતાના કંઠમાં સ્થાપે છે તેવી રીતે રત્નરાશિ કહે છે કેઃ–"મારી માફક તમારા આ ભાવી પુત્રની પણ પૂજા તથા આદર–સત્કાર થશે. જો કે મારામાં તો ગણ્યાગાંઠ્યા જ ગુણો છે, તથાપિ મનુષ્યો મને બહુ પ્રેમથી સત્કારે છે, પરંતુ તીર્થંકર ભગવાનમાં અર્થાત્ તમારા પુત્રમાં એટલા બધા ગુણો હશે કે તે ગુણોનો કોઈ પાર પામી શકશે નહીં." તે ઉપરાંત આ રત્નરાશિ એમ પણ કહે છે કે "તમારો પુત્ર રત્નગઢમાં વિરાજવા શક્તિમાન્ થશે." સર્વજ્ઞ પ્રભુ જ્યારે દેશના આપે છે ત્યારે "ત્રિગડો ગઢ" રચાય છે, એ વાત આપણે સૌ કોઈ જાણીએ છીએ. આ ત્રિગડાની રચના દેવતાઓ પોતે આવીને કરે છે તેમાં સોનાનો, રૂપાનો તથા રત્નનો ગઢ નિર્માય છે. ત્રણે ગઢો ઉપર બહુમૂલ્ય કાંગરાઓ પણ બાંધવામાં આવે છે. આવા દિવ્ય ત્રિગઢમાં વિરાજી તમારો પુત્ર જગતના જીવોને પ્રતિબોધ કરશે, એમ આ રત્નની રાશિ સૂચવે છે. ટુંકામાં કહીએ તો રત્નની રાશિ એ ત્રિગડાનું સ્મરણ કરાવે છે અને તેની સાથે તીર્થંકર પ્રભુના અતિશયનું પણ સૂચન કરે છે. એ ત્રિગડાના સ્વરૂપનું

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

તથા પરમાત્માની નિર્મળ વાણીનું અનુમાન કલ્પનાથી કે બુદ્ધિથી થઈ શકે તેમ નથી; માટે એ સંબંધી વિવેચન કરવાને બદલે આપણે સર્વે એ દૈવી દશ્ય પ્રત્યક્ષ નિહાળવાની તથા ભગવાનની અમૃતમયી દેશના સાંભળવાની ઉત્કટ ભાવનાપૂર્વક જ હાલમાં તો વિરમીશું.

---

ચૌદમું નિર્ધૂમ અગ્નિનું સ્વપ્ન બહુ ગંભીર આશય રજુ કરે છે. કવિવર તેનો અર્થ સ્ફુટ કરતાં વદે છે કેઃ—

**ભવિક મનમાં કનક શુધમાણજી થાશે સુત કરનારેજી,**
**ચૌદમે સ્વપ્ને નિર્ધૂમ અગ્નિ, માતા જુવો સુવિચારેજી;**
**સુણો ભવિ પ્રાણીજી રે. (૧૪)**

નિર્ધૂમ અગ્નિ એટલે ધુમાડા વિનાનો અગ્નિ આ પ્રકારનો સ્વચ્છ—જાજ્વલ્યમાન—જ્વલંત—પ્રોજ્જ્વલ અગ્નિ માતાજીને કહે છે કેઃ—"હું જેવી રીતે મારા નિજ સામર્થ્યથી—તાપથી ગમે તેવા મલિન સુવર્ણને સ્વચ્છ બનાવું છું, અને સુવર્ણને તેજસ્વી બનાવું છું, તેવી રીતે તમારો પુત્ર જગતના ભવ્ય જીવોનાં અંતઃકરણમાં રહેલી મલિનતાને દૂર કરી તેમના આત્માને પોતાના શુદ્ધ સ્વરૂપમાં આણશે." આ કનકશુદ્ધિનું દૃષ્ટાંત બહુ વિચારણીય છે. કનકની સાથે અશુદ્ધિ—મલિનતા ક્યારે મળી તે જેમ કોઈ જાણતું નથી, તેમ આત્માને કર્મનો લેપ ક્યારથી થયો, એ વાત પણ કોઈ કહેવાને સમર્થ નથી. પ્રયત્નથી જેમ કનકની મલિનતા નિવારી શકાય છે અને તેને તેના શુદ્ધ સ્વરૂપમાં મૂકી શકાય છે, તેવી જ રીતે સંસારના રાગ—દ્વેષાદિ પ્રપંચોમાં રચીપચી રહેલો આત્મા પણ દાન, તપ, જ્ઞાન, ક્રિયા આદિ ઉપાયોથી સ્વચ્છ

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

તથા સ્ફટિક સરખો નિર્મળ બની પોતાના જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ સ્વભાવને પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થાય છે. અગ્નિ જેવી રીતે કનકને શુદ્ધ કરતાં પહેલાં તેને ખૂબ તાવે છે અને તેના ઉપર અનેક સંસ્કારો કરે છે, તેવી જ રીતે આત્માને શુદ્ધ કરવા અર્થે તીર્થંકર પ્રભુની આજ્ઞાને અનુસરી તેના ઉપર અનેક પ્રકારના શાસ્ત્રોચિત સંસ્કારો થવા જોઇએ. તીર્થંકર પ્રભુએ ફરમાવેલી આજ્ઞાઓ ભવ્ય જીવોના આત્માને શુદ્ધ કરવામાં અગ્નિનું કામ કરે છે. આ અગ્નિના સ્ફુલિંગો આપણા આત્માને સ્પર્શે અને અનાદિ કાળથી મુંઝાઈ રહેલા આત્માને પોતાના શુદ્ધ સ્વરૂપમાં આણે તે માટે દેવાધિદેવ સર્વજ્ઞ પ્રભુ ભવ્ય જીવો ઉપર કરૂણાદષ્ટિ કરે, એવી આપણે આ સ્વપ્નદર્શન સમયે પ્રાર્થના કરીશું તો તે કાળક્રમે સફળ થયા વિના રહેશે નહીં.

---

ઉક્ત ચૌદ સ્વપ્નાં સંક્ષિપ્તમાં સમુચ્ચયે શું સૂચવે છે, તે સંબંધી કવિ કહે છે કેઃ—

**એ ચોદ સ્વપ્ન દીઠાથી તુજ સુત, થાશે ચૌદરાજનો સ્વામીજી,**
**લોકો પક્ષે આત્મારામ થાશે, એમ એમ પ્રભુતા પામીજી;**
**સુણો ભવિ પ્રાણીજી રે. (૧૫)**

અર્થાત્—આ ચૌદ સ્વપ્નના દર્શનથી આટલું ચોક્કસપણે સિદ્ધ થાય છે કે–"તમારો પુત્ર ચૌદ રાજલોકનો સ્વામી–શાસક થશે એટલું જ નહીં, પણ ભવ્યાત્માઓને આરામ–શાંતિ સુખ આપનારો પણ થશે, અને ક્રમે ક્રમે પ્રભુતા પામી શિવવધૂની વરમાળાને પોતાના કંઠમાં ધારણ કરશે." તીર્થંકર પ્રભુના

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

મુખમાંથી જે વચનકુસુમો બહાર નીકળ્યાં છે, તેને એક ઉદ્યાન સમાન લેખીએ તોપણ અયોગ્ય નથી, કારણ કે આરામને સંસ્કૃતમાં ઉદ્યાન પણ કહેવામાં આવે છે. ભવ્ય જીવો આ ઉદ્યાનમાં બેસી સર્વજ્ઞવાણીરૂપી કુસુમોની પરિમળ લે અને પોતાના આત્માને તૃપ્ત કરે, એટલામાટે પ્રભુ મુક્ત કંઠે કર્મનું ઉદ્યાન ખીલવતા ગયા છે. આપણે આ ઉદ્યાનમાં વિહરવાને પૂર્વપુણ્યના બળથી ભાગ્યશાળી થયા છીએ, તો ભવોભવનાં દુરિતો દૂર થાય તે માટે આ ભવે સંપૂર્ણ બળથી ત્રિકરણ શુદ્ધ યોગે પ્રયત્નો આપણે કરવા જોઈએ. આ પ્રસંગે આપણે પ્રભુને પ્રાર્થીશું કે "આપ જો કે ચૌદરાજ લોકના સ્વામી તો છો જ, પરંતુ અમને તમારા ચરણોમાં ભવોભવ સ્થાન આપજો, અને કોઈ કાળે તમારા શાસનથી દૂર ન પડી જઉં એવી સદ્બુદ્ધિ આપજો."

---

છેવટની કડીમાં સ્વપ્નનો સમય તથા કાવ્યકર્તાનો પરિચય આપણને થાય છે. તે કડી આ પ્રમાણે છે:—

**મધ્ય રહેનીએ માતાજી દેખે, સુપન ચૌદ વિશાળજી,**
**ગુરૂ પસાયે ડુંગર વિનવે, હોજો મંગળમાળજી;**
**સુણો ભવિ પ્રાણીજી રે. (૧૬)**

અર્થાત્ જે ચૌદ સ્વપ્નનું અમે ઉપર યથાશક્તિ રહસ્ય બતાવી ગયા, તે સ્વપ્નનો સમય મધ્ય રાત્રીનો હોય છે, એમ આ ઉપરથી સમજવાનું છે. ઉક્ત ચૌદ સ્વપ્ન ગંભીર આશય અને વિશાળ અર્થનાં સૂચક-સ્વપ્ન જો મધ્ય રાત્રીએ આવે તો સફળ થયા વિના રહેતાં નથી. આટલું કહ્યા પછી પોતાના સદ્ગુરૂનો ઉપકાર માનતાં અને ગુરૂના પ્રતાપનું સ્મરણ કરતાં

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ડુંગરશીભાઈ કવિ પોતે કહે છે કે શાસનદેવ આ ચૌદ સ્વપ્ન જોનાર, સાંભળનાર તથા અનુમોદનાર એ સર્વનું પરમ કલ્યાણ કરો. જે શાંતિ અને ગંભીરતાથી ભવિ જીવોએ આ સ્વપ્નરહસ્ય સાંભળ્યું હોય અને અંતઃકરણમાં અવધાર્યું હોય, તેમનું મંગળ ઇચ્છવું એવી પરંપરાને માન આપવાનું કર્તવ્ય આ સ્થળે કવિ પરિસમાપ્ત કરે છે. ૐ શાંતિઃ ૩.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પર્વાધિરાજ પર્યુષણના પવિત્ર દિવસો માટે

# જૈન ભાઈઓને ખુશ ખબર

સારાં અને સસ્તાં ગુજરાતી તેમજ મારવાડી ભા[illegible] ક્ષમાપનાનાં મનમોહક ફેન્સી કાર્ડ, કંકોત્રીઓ અને પત્રો અમા[illegible] ત્યાંથીજ મળશે.

ખોટી લાલચ, દંભ અને ખાલી ભપકાથી દૂર રહી ભાવના-પ્રેરક, સુંદર ને સસ્તાં દરેક જાતનાં કાર્ડ, કંકોત્રીઓ જોઇતાં હોય તો મહેરબાન ગૃહસ્થો! આપ એક વખત મંગાવી ખાત્રી કરી જુઓ. રંગીન સુબોધક ચિત્ર સાથનું ચાલુ સાલનું જૈન-પંચાંગ તૈયાર છે. કિમત ૧ આનો.

શ્રીયક મુનિ, કયવન્ના શેઠ, સુમતિ તથા કુમતિ મિત્રો અને મોતીચંદ શેઠ વગેરેની કથાઓ, જૈનધર્મનાં પુસ્તકોના સૂચીપત્ર સાથે–જેમાંની દરેક કથા લોકો હોંશથી વાંચે છે તેવી ચુંટીને બહાર મૂકવા સાથે તેમાં હિતબોધ[illegible]નો ઉમેરીને રસિક બનાવેલ છે. [illegible] રૂ. ૦–૨–૦

Serving JinShasan
005474
gyanmandir@kobatirth.org

## શ્રાવ[illegible]ક,

જૈન પુસ્તકો તથા કાર્ડ, કંકોત્રીઓ પ્રસિદ્ધ કરનાર તથા વેચનાર,
માંડવી, શાકગલ્લી, મુંબઈ.

Jain Education International For Personal and Private Use Only www.jainelibrary.org